આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૮૮ | ૨૮ ડિસેમ્બર, ૨૦૧૨, શુક્રવાર; માગશર સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જે નૌકામાં થોડી ઘણી પર નૂકશાની હોય તે કિનારે જ રહે તે ઉચિત છે
- ફ્રેંકલિન

આજે મોટેરા ખાતે ભારત-પાક વચ્ચે ટી-ટ્વેન્ટી જંગ

પ્રથમ મેચ ગુમાવી દીધા બાદ હવે ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા ઉપર અમદાવાદમાં જીતવાનું દબાણ ખૂબ વધ્યું

અમદાવાદ, તા.૨૭ અમદાવાદમાં સરદાર પટેલ મોટેરા સ્ટેડિયમ ખાતે આવતીકાલે શુક્રવારે ભારત અને પાકિસ્તાન વચ્ચે ટ્વેન્ટી-૨૦ જંગ ખેલાનાર છે. આની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ટિકિટ મેળવવા માટે પડાપડી અને લાઠીચાર્જના બનાવ બન્યા બાદ આ હાઈપ્રોફાઈલ મેચને લઈને ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. ટિકિટો માટે લાંબી લાઈનો અને પડાપડીને જોતા મેદાન પહેલાંથી જ હાઉસફૂલની સ્થિતિમાં છે જેથી આવતીકાલની મેચ જોરદાર ઉત્તેજના જગાવશે.

મોટેરામાં મેચની તૈયારી...

મોટેરા મેદાન ઉપર પ્રથમવાર આંતરરાષ્ટ્રીય ટ્વેન્ટી-૨૦ મેચનું આયોજન કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય ટ્વેન્ટી-૨૦ માટે મોટેરા સ્ટેડિયમ પ્રથમ વખત સજ્જ બની ગયું છે. જાણકાર સૂત્રોએ કહ્યું છે કે મોટેરા સ્ટેડિયમ ઉપર રનોનો વરસાદ થશે. કારણ કે પીચ બેટ્સમેનો લક્ષી બનાવી દેવામાં આવી છે. સાંજે પાંચ વાગ્યાથી આ મેચનું પ્રસારણ કરવામાં આવશે. ભારત અને પાકિસ્તાનની ટીમ ગઈકાલે જ બપોરમાં અમદાવાદ પહોંચી ગઈ હતી.

બંને ટીમોએ અમદાવાદ પહોંચ્યા બાદ પ્રેક્ટીસ સેશનમાં ભાગ લીધો ન હતો અને હોટલના રૂમમાં જ આરામ કર્યો હતો. આજે ટીમના ખેલાડીઓએ સવારે પ્રેક્ટીસ પણ કરી હતી. પ્રથમ મેચમાં પાકિસ્તાને ભારત ઉપર જીત મેળવ્યા બાદ ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા ઉપર દબાણ વધી ગયું છે અને અમદાવાદના મેદાન ઉપર શાનદાર જીત મેળવવા માટે ટીમ સંપૂર્ણપણે તૈયાર છે. ટ્વેન્ટી મેચોની વધતી જતી બોલબાલાને ધ્યાનમાં લઈને ટિકિટ ખરીદવા માટે હાલમાં પડાપડી જોવા મળી રહી હતી. ટિકિટ મેળવવા માટે ક્રિકેટ રસિયાઓએ મંગળવારથી જ લાંબી લાઈનો લગાવી હતી અને ટિકિટ મેળવી ચૂકેલા કેટલાક લોકો ઊંચી કિંમતમાં ટિકિટનું વેચાણ કરી રહ્યા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. બંને ટીમોના સ્ટાર ખેલાડીઓ આ મેચમાં ભવ્ય દેખાવ કરવા માટે ઉત્સુક બનેલા છે. ભારત તરફથી ધોની ઉપરાંત વિરાટ કોહલી, રોહિલ શર્મા, સુરેશ રૈના ભવ્ય દેખાવ કરવા માટે સજ્જ છે. બીજી બાજુ પાકિસ્તાનના સ્ટાર ખેલાડીઓએ પણ જીતનો સિલસિલો જાળવી રાખવા માટે ઉત્સુક દેખાઈ રહ્યા છે.

ગાંધીનગર જિલ્લાનાં બે લાખ બાળકોને જાન્યુઆરીમાં બે મહત્ત્વની રસી અપાશે

ગાંધીનગર, તા.૨૭ સ્વસ્થ સમાજ રચના માટે રાજયના આરોગ્ય વિભાગ દ્વારા જાન્યુઆરી માસ દરમ્યાન બે મહત્વના રસીકરણના કાર્યક્રમો હાથ ધરવામાં આવનાર છે જેમાં જિલ્લાના બે લાખ જેટલા બાળકોને આવરી લેવાનું લક્ષ્યાંક છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ૧લી જાન્યુઆરીથી ૦ થી ૧ વર્ષની આયુ ધરાવતા નાના બાળકો માટે પેન્ટાવેલેન રસીનું વિશેષ અભયાન હાથ ધરવામાં આવનાર છે. જેમાં ૫૦ હજાર જેટલા નાના ભૂલકાઓને આવરી લેવાનું આયોજન છે.

આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પહેલાં ત્રિગુણી રસી આ આયુવર્ગના બાળકોને અપાતી હતી. આ ત્રિગુણી રસીને બદલે હવે પાંચ રોગ સામે રક્ષણ આપતી રસી બાળકોને વિના મૂલ્યે આપવામાં આવશે.

ત્રિગુણી રસી દ્વારા ડિપ્થેરીયા, ધનુર, અને ઉંટાટિયાના રોગ સામે રક્ષણ અપાતું હતું હવે પંચગુણી રસીમાં ઝેરી કમળો અને ન્યુમોનિયા ની રસીનો ઉમેરો કરી આ પંચગુણી રસી તૈયાર કરવામાં આવી છે.

આ રસી ત્રણ ડોઝમાં અપાશે. જેમાં પ્રથમ ડોઝ દોઢ મહિને, બીજો ડોઝ અઢી મહિને અને ત્રીજો ડોઝ સાડા ત્રણ મહિનાનું બાળક થાય ત્યારે આપવામાં આવશે.

જિલ્લા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૧લી

● અનુસંધાન પાન-૭ પર